આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પાક્ષિક ઈ-મેગેઝીન

વર્ષઃ ૨ • અંકઃ ૧૦ • સળંગ અંકઃ ૩૪ • ૨૬ જુલાઇ, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાંઃ ૧૪ • કિંમતઃ નિઃશુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## આવઈ અષાઢી બીજ

કચ્છી નવ વર્ષની ખુબ ખુબ વધાઇઓ.

દર વર્ષે અષાઢી બીજ આવે અને આપણે વરસાદને યાદ કરીએ પરંતુ આ વર્ષે વરસાદની શરૂઆત વહેલી થઇ જતા અષાઢી બીજ આવે એ પહેલા જ ભારતભરમાં અને કચ્છમાં પણ વાદળો ગર્જ્યા છે ને વરસાદી માહોલ જામ્યો છે.

છેલ્લા વીસેક વર્ષથી કચ્છમાં સારો અનેનિયમીત ચોમાસું આવે છે, સારો વરસાદ પડી રહેલ છે. સાથે નર્મદાના પાણી પણ ત્યાં પહોંચ્યા છે અને લોકોમાં પણ કચ્છ પ્રત્યે જાગૃતતા વ્યાપેલ છે, તો આપણે પણ આ અષાઢી બીજ - કચ્છના નવા વર્ષે સંકલ્પ કરીએ કે આપણી માતૃભૂમિ, આપણાં ગામમાં વર્ષમાં ઓછામાં ઓછા એક વખત તો મુલાકાત લઇશું જ. તેની સાથે સાથે કચ્છમાં નવા બનેલા અનેક જોવાલાયક સ્થળો સાથે આપણા પુરાતન સ્થળો અને આપણી સંસ્કૃતિના, આપણી આસ્થાના સ્થાનોની મુલાકાત પણ લઇએ. આનાથી આપણી આવનારી પેઢીને પણ આપણી આવી અદભૂત સંસ્કૃતિનો પરિચય થશે.

કચ્છના હોવા છતાં પણ આપણામાંથી ઘણા જણ કચ્છ પ્રત્યે ધ્યાન આપતા નથી એ ખૂબ જ દુઃખદાયક વાત છે. 'કચ્છમાં શું દાટ્યું છે ?' એ વાક્ય હવે ભૂતકાળનો પ્રશ્ન બની ગયેલ છે. કચ્છી હોવાને નાતે આપણા ઘર ત્યાં હોય કે ન હોય પરંતુ આપણી માતૃભૂમિ, આપણા દેવસ્થાનો, આપણા વડીલોની ઘણી બધી યાદગીરીઓ કચ્છના ખૂણે ખૂણે ધરબાયેલ છે તો એની જાળવણી અને એની મુલાકાત લેવાનું કામ આપણે કરીએ.

આપણી માતૃભૂમિ પ્રત્યે આપણી શક્તિ અનુસાર એની સાચવણી કરવામાં આપણે હિસ્સેદાર બની આપણી ફરજ નિભાવીએ તો એ આપણું માતૃભૂમિ પ્રત્યેનું ઋણ ચૂકવવા સમાન કાર્ય થશે.

કચ્છની અદભૂત અને અનોખી સંસ્કૃતિ છે જેને અન્ય લોકો ઝડપી લે, ઝુંટવી લે તે પહેલા ચાલો આપણે ફરી એકવાર આપણી માતૃભૂમિને સજાવીએ. આપણા ગામની મુલાકાત લઇ એમાં યોગ્ય સહયોગ કરીએ એ જ આજના નવ વર્ષની પરિકલ્પના હોઇ શકે.

- નવીન પટેલ

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરા





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરામાં શુક્રવાર તા. ૨૭.૬.૨૦૨૫ના રોજ કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઉજવણી જોરશોરથી કરવામાં આવેલ.

શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ દ્વારા આ ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં વિવિધ પ્રસ્તુતિ કરવામાં આવી. સાંજના ૪ કલાકે શરૂ થયેલ આ કાર્યક્રમો મોડી સાંજે કુળદેવતા શ્રી ધણીબાવાના પાઠ સાથે પૂર્ણ થયા હતા.



કાર્યક્રમની શરૂઆતમાં જ્ઞાતિની બહેનો દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. કચ્છી ગીતોના તાલ પર રમઝટ કરતી તથા ગરબે ઘુમતી બહેનોની રજુઆતથી નવા વર્ષનું સ્વાગત ખૂબ જ રંગેચંગે થયું હતું. આ આયોજનમાં હેતલ મૈશેરી, નેહા પનપારીયા તથા વર્ષા ધુલ્લાએ કોરીયોગ્રાફરનું કામ કરેલ તથા આજના સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેતલ મૈશેરીએ ખૂબ સરસ રીતે પાર પાડેલ.

કચ્છી રાસ-ગરબામાં હેતલ મૈશેરી, નેહા પનપારીયા, વર્ષા ધુલ્લા, રશ્મી મોમાયા, કોમલ લોડાયા, રશ્મી મૈશેરી, તેજીની મૈશેરી, ઉર્વી નાગડા, ધારા નાગડા તથા મોક્ષા લાલકાએ ભાગ લીધો હતો.

ત્યારબાદ કચ્છની વિસરાતી પારંપારિક વસ્તુઓને યાદ કરાવતી એક સુંદર રજુઆત મંડળની બહેનોના સ્ટેજ શો દ્વારા કરવામાં આવેલ. કુસુમબેન મોમાયા તથા રાજુલા મોમાયા દ્વારા બનાવવામાં આવેલ કચ્છના ગામના નામો શોધવાની રસપ્રદ ગેમ રમાડવામાં આવેલ જેમાં ૩૦ ઉપરાંત જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. આ ગેમમેહ રશ્મી મોમાયા, કિશોર ધુલ્લા અને ચંદ્રકાંત ખોના વિજેતા બન્યા હતા. કચ્છીના પારંપારિક પહેરવેશમાં ભરતભાઇ લોડાયા, ચેતના લોડાયા તથા મમતા છેડા વિજેતા થયા હતા.

દરેક વિજેતા તથા રાસ-ગરબામાં ભાગ લેનારને મહિલા





## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરા





મંડળ તરફથી ઇનામો આપવામાં આવેલ. આ પ્રસંગને માણવા આશરે ૧૫૦ ઉપરાંત જ્ઞાતિજનો સાથે વડોદરા ભાજપના ઉપાધ્યક્ષ અને કચ્છ નલિયાના નિયાણી માનનીય મિનાબા પરમાર (જાડેજા)એ વિશેષ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

ત્યારબાદ સાંજના ૬:૩૦ કલાકથી કુળદેવતા શ્રી ધણીબાવાના ભાવિક પરિવારો તરફથી રાખવામાં આવેલ સમૂહ પાઠની શરૂઆત થઇ હતી જેમાં બહોળી સંખ્યામાં ભાવિકોની હાજરી રહી હતી. પાઠની શરૂઆતમાં રામાપીરના ભક્તિગીતોની રમઝટ જમાવવામાં આવી હતી જેમાં આહવાન, હેલો, થાળ વિગેરેથી ભક્તિનો માહોલ જામ્યો હતો. ત્યારબાદ પાઠની વિધિ તેમ જ આરતી થઇ હતી. પાઠની ગોઠવણી તથા આયોજન દર વર્ષની જેમ વિધિપૂર્વક રતિલાલ પનપારીયા (મામા) ના હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો અને છુટા પડ્યા હતા.











## અગત્યની જાહેરાત

વડોદરાના કચ્છીઓનું **સમાજ-દર્શન** ની ઑફિસ શિફ્ટીંગના કારણે આ અંક મોડો પ્રકાશિત થયેલ છે તે બદલ ક્ષમાયાચના. આગામી અંક શનિવાર તા.૯.૮.૨૫ના રોજ પ્રકાશિત થશે.

હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદ્ભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા અહીં ક્લિક કરો



# શ્રી કચ્છી નાગર મંડળ, વડોદરા






શ્રી કચ્છી નાગર મંડળ, વડોદરા દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી રવિવાર તા.૨૯.૬.૨૫ના રોજ વાસ્વિક ઑડિટોરીયમ, રેસકોર્સ ખાતે ધામધૂમપૂર્વક કરવામાં આવી. આ પ્રસંગે જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં હાજરી રહી. પ્રથમ બધાનું સ્વાગત કરીને કચ્છી નવ વર્ષની વધાઇઓ આપવામાં આવી.

ત્યારબાદ આયોજિત શૈક્ષણિક પુરસ્કાર વિતરણના કાર્યક્રમની અંતર્ગત **play group** થી ૧૨ ધો. સુધીના બાળકોને દાતાઓ દ્વારા શૈક્ષણિક પુરસ્કારો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર યુવક-યુવતિઓને સન્માનિત કરવામાં આવ્યા. ૭૫ વર્ષની ઉપરના વડીલોનું સન્માન ક્કરવામાં આવેલ. સંગીતની સાથે રમતની મજા માણવા માટે **Mucial Housee** નું આયોજન કરવામાં આવેલ જેમાં બધાએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઇને મોજ માણેલ.

બધાંએ દરેક કાર્યક્રમમાં ભાગ લઇને ખૂબ મોજ માણી હતી ત્યારબાદ ઉપસ્થિત જ્ઞાતિજનો તથા મહેમાનોએ ભોજનમાં પૂરણપોળીની સાથે અન્ય વ્યંજનોની લિજ્જત માણીને કાર્યક્રમની પૂર્ણાહુતિ તરફ પ્રસ્થાન કરેલ. આગામી કાર્યક્રમમાં ફરીથી, જલ્દીથી મળવાના વાયદા સાથે સાયોનારા કહી બધા સ્વગૃહે સિધાવ્યા. મંડળના પ્રમુખ શ્રીમતી સમીક્ષા રાણા, મંત્રી શ્રીમતી વિમા કીકાણી તથા સમગ્ર કારોબારીના સભ્યોના સાથ સહકાર થકી આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.





# શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા

શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજના દિવસે વહાલા વતન કચ્છના નવા વર્ષની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. દર વખતની જેમ આ વખતે પણ કચ્છી નવ વર્ષની ઉજવણી રંગેચંગે કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત સાંજે ૬:૩૦ કલાકે કચ્છદેશની રખેવાળી મા આશાપુરા માતાજી તથા અન્ય આરાધ્ય દેવોની સ્થાપના કરીને કરવામાં આવેલ. સ્થાપના બાદ જ્ઞાતિજનો તથા વડીલો દ્વારા દેવોની પૂજા તથા ત્યારબાદ આરતી ઉતારવામાં આવેલ અને દેવાધિદેવો બધાને આગામી વર્ષમાં સુખ-શાંતિ સાથે સમૃદ્ધિ બક્ષે એવી પ્રાર્થના કરવામાં આવેલ. પ્રસાદની સાથે સાથે બધાને કચ્છના નવા વર્ષની વધાઇઓ આપવામાં આવેલ.

નવ વર્ષની ઉજવણીના ભાગરૂપે જ્ઞાતિજનો માટે 'હાઉઝી ગેમ' રમાડવાનું આયોજન જ્ઞાતિની મહિલા મંડળ તથા જ્ઞાતિની યુવા પાંખ સમીપ દ્વારા કરવામાં આવેલ. આ ગેમમાં બધાએ ભાગ લીધેલ તથા ગેમનો આનંદ બધાએ માણેલ. વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ.

ત્યારબાદ સ્નેહ મિલનનો કાર્યક્રમ શરૂ થયેલ જેમાં જ્ઞાતિજનોને નવ વર્ષની શુભેચ્છઓ આપવામાં આવેલ. કચ્છથી દૂર રહીને પણ દર વર્ષે કચ્છના નવા વર્ષને બધા ભેગા મળીને ઉજવે છે. કાર્યક્રમમાં બહોળી હાજરીને કારણે આ કાર્યક્રમ સફળ બની ગયેલ તથા બધાએ ખૂબ મોજ માણી હતી.

અંતમાં મહાપ્રસાદનું આયોજન વર્ષા એક્ઝોટીકાના શ્રી નિમેષભાઇ તથા મનીષભાઇ ઠક્કર (વર્ષા કેટરર્સવાળા જયંતીભાઇ ઠક્કરના સુપુત્રોના સૌજન્યથી કરવામાં આવેલ જેમાં ભાવતા ભોજન પિરસાયા હતા. હાજર રહેલ સહુએ નવ વર્ષના કાર્યક્રમને ખૂબ આનંદપૂર્વક માણ્યો હતો. સમગ્ર આયોજન માટે પ્રમુખ કમલેશ રૂપારેલ તથા તેમની ટીમને બધાએ મનોમન ધન્યવાદ પાઠવ્યા હતા.













## Kala Craft

Traditional & Creative Craft Collection





## Kala Craft

5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211









---

વડોદરાના બધા કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
કચ્છી નવા વર્ષની
હાર્દિક શુભેચ્છાઓ...

**કમલેશભાઇ રૂપારેલ**
**જયભાઇ રૂપારેલ**
**ખુશ્બુ રૂપારેલ**
**હિત રૂપારેલ**
**તથા**
**સમગ્ર પરિવાર**
**તરફથી**
**ખૂબ ખૂબ વધાઇઓ**

કચ્છ કોઠારા– વડોદરા

---

આસાઢી બીજ જે ડીં કચ્છડે કે જાધ કઈયું તા,
નયે વરેં જ્યું લખ લખ વધાઈયું ડીયું તા,
હી વરેં પાં મિણીં કે બરકત એડ઼ી ડીંધો વિઞે,
હેંડ઼ી શુભ ભાવના ભાવિયું તા.

**નરેન્દ્રભાઈ મોમાયા**
**M: 9879913377**
**કુસુમબેન મોમાયા**
**M: 9428693309**

**કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી**
**હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક,**
**ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા**

**કેવલ મોમાયા**
**રશ્મીબેન મોમાયા**
**જિનય મોમાયા**
**પાશ્વી મોમાયા**

સાદા ખાખરા

મેથી ખાખરા

જીરા ખાખરા

ચટપટા ખાખરા

- સાદા ખાખરા
- શુધ્ધ ઘી ખાખરા
- જીરા ખાખરા
- મેથી ખાખરા
- ખીચડી ખાખરા
- ચટપટા ખાખરા
- ડાયેટ ખાખરા
- ચકરી
- ફરસી પુરી
- જાડી સેવ

F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6

# આવઇ અષાઢી બીજ – કવિતા દર્શન

## સાલ મુબારક !

સાલ મુબારક ! સાલ મુબારક !
ભેંનર ! આકે સાલ મુબારક !

મૂંજા જાની ભાવર ! આકે
લખ લખ વાર હી સાલ મુબારક !

આંજી સુભુ સંગીત ભરઇ'વે
સાંજી રંગ મહાલ મુબારક !

તારા ટિમટિમ ચંધર ચમકે
જિન્ધગાની ખુશહાલ મુબારક !

ખીર પુતરેં સુખજા મીંયડ઼ા
'અશ્ક' ઇ લાલમ્લાલ મુબારક !

(માધવ જોશી 'અશ્ક'ના પુસ્તક – 'સમ્ભરેં મૂકે સેંણ'માંથી)

## સીરો ભનાયો

બીજ આસાઢી આવઇ,
કચ્છી નઉં વરેં સીરો ભનાયો,
ખિલ ખુશીયેં જો પિરભ,
અજ઼ પાંજે ઘરેં સીરો ભનાયો.

ઢોલ નગારેં ગજણ ગજેતી,
રોશનાઇયેં સે ખિવણ ખિવેતી,
સનાં સનાં અભતાં
મોંઘા મોતી જરેં સીરો ભનાયો, બીજ આસાઢી...

ગોઇયૂં મેઇયૂં ગેલ મેં અચેં,
મોર પ તા તા થૈયા નચેં,
ચંધર જે ડીં મિંધર મેં,
જોતૂ બરેં સીરો ભનાયો, બીજ આસાઢી...

હિલે મિલેજા કૉલ કયું,
ઉભા મોભત જા મૉલ કયું,
વેર ઝેર જા જીયણ મેં,
રાંકાસ મરેં સીરો ભનાયો, બીજ આસાઢી...

(હરેશ દરજી 'કસભી'ના પુસ્તક અસાંગરોમાંથી )

## બીજ અષાઢી

વલી અસાકે બીજ અષાઢી
હુલમજી મિઠડ઼ી ચીજ અષાઢી
અભ્ભ સજે કે ઘેરી ને કર
ચમકેતી અજ વીજ અષાઢી

સૂંઅણો મેઘ-મલાર તો શોભે
કાછો કર સરાર તો શોભે
તોરીલો અસવાર તો શોભે
મહી-માધેજો પ્યાર તો શોભે
આયા હલી અજીજ અષાઢી
વલી અસાકે બીજ અષાઢી

લપઈ જેડ઼ો ખાજ તો શોભે
વડરેંજો અજ રાજ તો શોભે
ઝરમર ઝરમર સાજ તો શોભે
મોસમજો હીં તાજ તો શોભે
વલા છડયો અજ ખીજ અષાઢી
વલી અસાકે બીજ અષાઢી

જીયણજો તાં સાર તો શોભે
કારે મોં ડુકાર તો શોભે
નીલો ચરો-ચાર તો શોભે
ખિલકમુખો ધિલધાર તો શોભે
મિઠડ઼ેજી હી રીઝ અષાઢી
વલી અસાકે બીજ અષાઢી

ધુનીયાંજો આધાર તો શોભે
મોજીલો તેવાર તો શોભે
શોભે સચરાચાર તો શોભે
કુધરતીજો હી પ્યારતો શોભે
'શબાબ' વસંધી ડીજ અષાઢી
વલી અસાકે બીજ અષાઢી

(જયન્તી જોષી 'શબાબ'ના પુસ્તક '૧૦૮:કચ્છી કવિતાઉં'માંથી)

## અષાઢી બીજ

મોરલા કરીએંતા ટોંકાર,
મીઠડ઼ા મીંયડ઼ા વસીલો થી,
કોયલ રાણી કરેતી કુહ-કુહ,
મીઠડ઼ા મીંયડ઼ા વસીલો થી, મોરલા....

ધરા સિકેતી તોંકે મીંયડ઼ા,
તરસેતી નજરૂં ખેડુએં જયું,
અંગ બરેંતા લૂ ને લુખ સેં,
તું ધ્રા છડે વસી પો મીંયડ઼ા, મોરલા....

તરાઇયું ને છેલા એઇં સુકા,
સુઆ થઇ વ્યા ગસ ને સેડ઼ા,
આવઇ અષાઢી બીજ રંગીલા,
ધિલજો અઇંએ તું ધુલો, મોરલા......

તું મુંધે ન વસેં જ મીંયડ઼ા,
એડ઼ા ડિં ડિઠા ન જીઅણમેં,
મોરલા કરીએંતા ટૌકાર,
કોયલ રાણી કરેતી કુહ-કુહ, મોરલા......

(વાલજી બળગા 'સનમ'ના પુસ્તક સનમ જા સોણામાંથી )

## અસાઢી બીજ

આઇં મિડ઼ે ભલેં નેં ચોતા, હી આય અસાઢી બીજ !
કચ્છી માડૂ ત ઇં જ ચે, હી ત આય અસાજી બીજ.

વગડ઼ો લીલૂડ઼ો થિઇ ખીલે, ડુંગરા મિડ઼ે વડરેંસે મિલેં;
ધરતી કે નાં નાં વાઘા મિલે, આકાશજો ઇં પ્રેમ મિલે,


મિઠી લપઇજા આંધણ ચડ઼ેં, કેડ઼ી મિઠી લપઈ લગ઼ે !
કચ્છજી ત મિટી પ મિઠી, માડૂજા મન મિઠડ઼ા મિલેં !

કચ્છડ઼ો નેંરે વાટ મીં જી, આશા વે અસાઢી બીજજી,
સુકો મુલક આય ત કુરો ? પ્રેમસે ભિજ઼ાય માડૂ મિડ઼ે.

ઢોર નેં ઢાંખર સેં પ્રેમ, ખેતર નેં વગડ઼ે સેં પ્રેમ,
હી નિસીભજો આય ખેલ; જ કચ્છી થેલાય મિલે.

(અરૂણા ઠક્કર 'માધવી'ના પુસ્તક કાવ્યાંજલિમાંથી)


DIVCLICK
SOMETHING MAGNIFICENT
ONE STOP SOLUTION FOR ALL YOUR DIGITAL NEED
BRANDING
WEB DESIGN & DEVELOPMENT
APP DESIGN & DEVELOPMENT
SEO
DIGITAL MARKETING
GRAPHIC DESIGNS
Divya Patel
+91 – 94090 29649
www.divclick.in


।। જય જિનેન્દ્ર ।।
મિઠો અસાંજો કચ્છડો, મીઠા અસાંજા માડુ,
મિઠી અસાંજી ગાલીયું ને મીઠી અસાંજી માની.
કચ્છી નયેં વરેં જિયું આં મિણીં કે
લખ લખ વધાઈયું...
ARIHANT TRANSPORT CO.
JETLINE SERVICES
LORRY & TORAS SUPPLIERS
Kandla - Mundra - Pipavav Ports of Kutch,
Kathiyawad, Surat, Vapi, Ahmedabad,
North & All South Gujarat.
Vardhman Lodaya 9825567454
Dipen Lodaya 9925570454
Office 9825175069, 9429175069,
0265 - 2771856, 2776744
P. V. LODAYA & Co.
Chartered Accountants
CA Pratikkumar V. Lodaya
A.C.A., D.I.S.A.(ICAI),
M.Com, P.G.D.F.M., P.G.D.T.P., B.Com.
: 9879001862
: capratiklodaya@gmail.com
GF-15, Yakshshree Complex,
Opp. Upasana Society, Chhani Jakat Naka Road,
Vadodara-390024. Gujarat, INDIA

લેખકનો પરિચય: શ્રી યશવંતભાઇ ચાડ એ મુંબઇ સ્થિત કચ્છી ભાટિયા છે. તેઓ વર્ષોથી BCCIના ઑફિસીયલ સ્કોરર છે. તેઓ આજે ૮૦+ ની ઉંમરમાં પણ સક્રિય છે અને સ્કોરર તરીકે અનેક મેચોમાં સેવા આપે છે. તેમના અનુભવો, રસપ્રદ કિસ્સાઓ, ક્રિકેટની અનોખી અને અનસુની વાતો આપણને આ લેખોમાં જોવા મળશે.

# ઈંગ્લેન્ડમાં ટિકિટના 'બ્લેક' કાળા બજાર થાય ? શક્ય છે ? હા !



ભારતીય ક્રિકેટ ટીમ હાલ ઇંગ્લેન્ડના પ્રવાસમાં છે ત્યારે ઇશ્વર કૃપા એ મને ભારતીય ટીમના સ્કોરર તરીકે કાર્ય કરવાની તક મળી એ વિશે થોડી યાદો મમળાવીએ.

સૌ પ્રથમ મને ૧૯૭૯માં વેંકટ રાઘવનની સુકાની પદ હેઠળની ટીમ સાથે ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડવાની તક મળી ત્યારે તે પહેલા જ દ્વિતીય પ્રુડેન્શીયલ કપ (વર્લ્ડ કપ) ઇંગ્લેન્ડમાં યોજાયેલ.

ભારતની ઇંગ્લેન્ડ વિરુદ્ધ ચાર ટેસ્ટ મેચની શ્રેણી શરૂ થાય તેના થોડા દિવસો અગાઉથી લંડન પહોંચી ગયેલ અને મારી સાથે વિશ્વ કપમાં ભારતીય ટીમમાં સ્થાન ન મેળવી શકનાર હિંમતબાજ ઓપનર ચેતન ચૌહાણ, પોલિયાગ્રસ્ત હાથ સાથે વિજય અપાવી વાડેકરની ટીમને પ્રથમવાર ઇંગ્લેન્ડમાં બરાબરી કરવાનો યશ અપાવનાર સ્પીનર બી. ચંદ્રશેખર અને સહાયક મેનેજર ગુજરાત ક્રિકેટ એસો.ના ગુણવંત દેસાઇ આમ ટીમના ત્રણ સભ્યો સાથે હું પણ લંડન પહોંચ્યો.

પહેલીવાર વિલાયત જવાનું હોવાથી બધાની સલાહથી ઠંડી ઝીલી શકે તેવા કપડા તથા ખાસ તો ખાવાના નાસ્તા વગેરે સાથે લઇ ગયેલ જે ખૂબ જ કામમાં આવ્યા કારણ કે હવે તો ઇંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત ઘણા દેશોમાં શાકાહારી વાનગીઓ મળવી મુશ્કેલ નથી પણ તે સમયે શાકાહારી ખોરાક માટે ઘણી જહેમત કરવી પડતી. આપણા ભાટિયા કુટુંબો તથા અન્ય ગુજરાતી અને ભારતીયઓએ અમને ખૂબ જ સાથ સહકાર આપ્યો. આમાં સોના રૂપા મ્યુઝિક હાઉસ, મુરબ્બીશ્રી ચંદુભાઈ મટાણી, મારા કોલેજના સાથીદાર મહેન્દ્ર મટાણીનો તથા હર્ષવર્ધન પંડ્યાનો આભાર વ્યક્ત કરવા મારી પાસે પૂરતા શબ્દો પણ નથી.

મહેન્દ્રભાઇએ ઇંગ્લેન્ડ-વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે થનારી વિશ્વ કપની ફાઇનલ જોવા માટે અગાઉથી પોતાની ટિકિટ લઇ રાખેલ. એણે મને કહ્યું કે, 'યશવંત, તું લંડન આવીને ફાઇનલ જુએ નહીં એ શક્ય નથી, તારે જોવા આવવું જ પડશે.' મેં કહ્યું, 'મારે મેચ જોવી છે પણ ટિકિટ ક્યાં છે ? હું ટેલિવિઝન પર તારા ઘરે મેચ જોઇશ.'

મહેન્દ્ર કેમ કરતા ન માન્યો અને મને લઇને મેટ્રો ટ્રેનમાં લોર્ડ્સ ગ્રાઉન્ડ તરફ પ્રયાણ કર્યું. મનમાં બીક હતી કે મેચની ટિકિટ હાઉસફુલ છે તો ક્યાંથી મળે ? પણ મહેન્દ્રને ખબર હતી કે સેન્ટ જ્હોનવુડ રેલવે સ્ટેશનની બહાર જ ટિકિટ વેચનાર 'બ્લેક'માં... હા ! તમે બરાબર વાંચ્યું ! 'બ્લેક'માં જેમ આપણે ત્યાં ફિલ્મ થિયેટર પાસે ટિકિટોના કાળાબજાર થતા એમ અહીં પણ લોર્ડસ્‌ની નજીક કાળા બજારમાં ટિકિટો મળતી હતી. પોલીસો પણ તે વખતે આઘા-પાછા થઇ જતા કે પછી ક્રિકેટ પ્રેમીઓને શા માટે ટિકિટો મેળવતા રોકવા ! એમ ગમે તે કારણ હોય પણ મારા નસીબમાં દ્વિતિય વર્લ્ડ કપની ફાઇનલ માણવાનું હશે જેથી કરીને મારા માટે પ્રથમ વખત ક્રિકેટમાં અતિ પવિત્ર અને મશહૂર એવા લોર્ડસ્‌ના ક્રિકેટ મેદાન પર સ્ટેડિયમમાં અને પછી ભારતીય ટીમની સાથે પેવીલીયનમાં પ્રવેશવાની તક મળી જે તદન સ્વપ્નમય હતી.

જો કે ત્યારબાદ ઇશ્વર કૃપાએ અહીં ૩૦થી વધારે વખત આવવાની તક મળી એ વાત ફરી ક્યારેક, હવે આપણે મહેન્દ્રભાઇએ પોતાની ટિકિટ કેવી રીતે મેળવી હતી તે જાણીએ.

આજના જમાનામાં ફોનથી કે ઓનલાઇન ટિકિટ મેળવવી એમાં કશું આશ્ચર્યકારક નથી, પણ હું વાત કરું છું ૧૯૭૯ની જ્યારે ઇંગ્લેન્ડમાં તે વખતે પણ એવી પ્રથા હતી કે તમારે જે મેચ જોવી હોય તે મેચની ટિકિટ જ્યાં મેચ રમાતી હોય તે કાઉન્ટીની ઓફિસમાં ફોન કરી, તમારું નામ, રહેઠાણ વગેરે આપી દેતા ટિકિટ પોસ્ટમાં તમારે ઘરે આવી જતી અને તેના માટે એક ફોર્મ ભરવું પડતું ને પૈસા ટિકિટ મળે એટલે મોકલવાના રહેતા ! આ જાણીને મને ખૂબ આશ્ચર્ય થયેલ કારણકે મેં નજરે જોયું છે કે મુંબઇમાં ટિકિટ બારીઓ ખૂલે કે થોડા સમયમાં ટેસ્ટ મેચની ટિકિટો ખતમ થઇ જતી અને 'હાઉસફૂલ'ના બોર્ડ પણ લાગી જતા એટલે આપણા દેશમાં ૧૯૭૯માં ટેલીફોનથી ટિકિટ મેળવવી એ અસંભવ જેવી વાત હતી.

જો કે હવે તો વેબસાઇટ ઓપન કરો એટલે કે મોબાઈલ પર ઓનલાઇન ટિકિટ મળી જ જાય છે. ખેર, પણ મુદાની વાત એ કે લંડનમાં પણ 'બ્લેક'માં ટિકીટ મળે એટલે એટલું તો કહી શકાય કે 'કાગડા તો બધે જ કાળા !' બીજી વાતો અને ઇંગ્લેન્ડના પ્રવાસના અન્ય અનુભવો ફરી ક્યારેક.



## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Danteswer Main Road, Vadodara 390009, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઇપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઇપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995 VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara (Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar Main Road, Vadodara - 390009.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## વડોદરામાં ફ્લેટ વેચવાનો છે

મહાવીર હોલ નજીક, આજવા રોડના શાંત વિસ્તારમાં 2 BHK સેમી ફર્નીશ્ડ, Fridge, નાનું કબાટ, દિવાન વિગેરે સાથે, ૩જા માળે, લિફ્ટ નથી, હાલમાં રીનોવેટ કરાવેલ વેલ મેઇન્ટેડ ફ્લેટ, ફક્ત ૧૬ લાખમાં, તુરંત કબજો, ૭૨૫ કારપેટ, ૨૪ કલાક પાણી, મેઇન રોડ ટચ. 2 WC-Bathroom, Vitrified Tiles, Granite Kitchen, Some Fixed Furniture, સ્કુલ, દેરાસર, હવેલી, મંદિર, હોસ્પીટલ, શાક માર્કેટ નજીક. Airport 5, Station 7, NH8 bypass 3 km. CALL : 9377124582

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine 'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,500 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

# '૭૧ના યુદ્ધમાં કચ્છને થયેલ નુકશાનીનાં લેખાં જોખાં

– કિર્તીભાઇ ખત્રી, તંત્રી લેખ, કચ્છ મિત્ર,૪.૯.૨૦૧૬('કચ્છડો મારા આભલામાં' પુસ્તકમાંથી સંક્ષિપ્તમાં સાભાર )

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઑગસ્ટે (૨૦૧૬) લાલ કિલ્લા પરથી ત્રિરંગો લહેરાવતાં પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં લશ્કર દ્વારા થઇ રહેલ બેરહમ જુલમનો ઉલ્લેખ કરતા પાડોશી દેશમાં ખળભળાટ મચી ગયો છે. બલૂચિસ્તાન, પાક કબજા હેઠળના કાશ્મીર અને ગીલગીટ વિસ્તારમાં આઝાદી ઝંખતા લોકોએ જાહેરમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરવા ઠેર ઠેર દેખાવો કર્યા એના રાજકીય પ્રત્યાઘાત વિશ્વભરમાં પડ્યા છે અને પડી રહ્યા છે. કાશ્મીરના આતંકવાદીઓને ખુલ્લેઆમ સમર્થન કરતા પાકિસ્તાનને પ્રથમવાર કડવી વાસ્તવિક્તાનો પરચો મળ્યો છે. મોદીજી સિંધ વિશે કાંઈ ન બોલ્યા એમાં એમની મુત્સદી હતી. બાકી, સિંધીઓની પીડા અને 'સિંધુદેશ' કે 'જીયેસિંધ' ચળવળ પર એક રાજકારણીની રૂએ તેઓ નજર રાખતા જ રહ્યા છે. ૨૦૦૭માં પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીઓનો પ્રચાર પૂરજોશમાં હતો ત્યારે જ વડાપ્રધાન પદના ઉમેદવાર બેનઝીર ભુત્તોની કરપીણ હત્યા થઇ તે વખતે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યપ્રધાન હતા. વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપે વિજય મેળવ્યા મોવડીમંડળને મળવા દિલ્હી ગયા હતા ત્યારે ટીવી પત્રકારોની ટીમ એમની પાછળ દોડતી રહી હતી. એરપોર્ટ પર પત્રકારો સમક્ષ તેમણે બેનઝીર ભૂટો, તેમના પિતા ઝુલ્ફીકારઅલી ભૂટો અને દાદા કે જેઓ એક જમાનામાં જૂનાગઢના દીવાન હતા તેમને યાદ કરીને એવું નિરીક્ષણ કર્યું કે આ રાજકીય હત્યાને પગલે જીયેસિંધ ચળવળને વેગ મળવાની શક્યતા છે. દિલ્હીના કોઈપણ નેતાએ બેનઝીરની કતલનો આવો પ્રતિભાવ આપ્યો નહોતો. તેથી પ્રચાર માધ્યમોમાં તેની ભારે ચર્ચા થઇ અને પાકિસ્તાનના અખબારોએ પણ તેની નોંધ લીધી. તેમનું નિરીક્ષણ સાચું પડતું હોય તેમ સિંધના કેટલાક વિસ્તારોમાં સિંધી-પંજાબી હિંસક સંઘર્ષ જોવા મળ્યો.

આમ પણ બલૂચિસ્તાનની જેમ સિંધની આઝાદીની ઝંખનાયે ભાગલા સમયની છે. બલૂચિસ્તાનની જેમ સિંધમાં પણ મોટો વર્ગ ભારત સાથે જોડાવા આતુર હતો. એને પાકિસ્તાન સાથે જોડાવું નહોતું. ઈતિહાસ સાક્ષી છે કે, આઝાદીની ચળવળમાં સિંધના હિન્દુ, સિંધી ને મુસ્લિમો મોટાપાયે સામેલ થયા હતા. ગાંધીજી, સરદાર અને જવાહર જેવા નેતાઓ અવારનવાર કરાંચી તેમજ સિંધના અન્ય શહેરોમાં સભા ગજવતા. કોંગ્રેસના અધિવેશન પણ કરાંચીમાં યોજાયા હતા. સિંધ પ્રાંતમાં અને ખાસ તો નગરપારકર, થરપારકર અને કરાંચી સહિતના વિસ્તારોમાં હિન્દુઓ બહુમતીમાં હતા. તેથી આ પ્રાંતને ભારત સાથે જોડાવાની ત્યાંના સિંધી, ગુજરાતી અને કચ્છી સહિતના લોકોની માગણી હતી. એટલું જ નહીં બ્રિટન સમક્ષ પેશ પણ કરાઇ હતી. પરંતુ એક મતાનુસાર પંજાબમાં કોમી રમખાણોને પગલે દેશભરમાં ફેલાયેલા અજંપાનો અંત આણવા માટે કોંગ્રેસના નેતાઓએ ભાગલાની ફોર્મ્યુલા સ્વીકારવામાં ઉતાવળ કરી નાખતાં સિંધને ભારોભાર અન્યાય થયો.

લાખો સિંધી, ગુજરાતી અને કચ્છીઓ બેવતન બન્યા, સિંધીઓની આ વેદના તેમના સાહિત્યમાં પણ જોવા મળે છે. આઝાદીનો જંગ તેઓ લડયા પણ જીત્યા છતાં ઇતિહાસની દગાખોરી તો જુઓ કે વતન સિંધ ખોયું. પણ આ તો વેદના હતી ભારત પહોંચી આવેલા બેવતન સિંધીઓની. જે લોકોએ વતન છોડ્યું નહીં અને ત્યાં જ રહી ગયા તેઓ પાછળથી નાપાક જુલમોનો અને ભારોભાર એકતરફી વહેવારનો ભોગ બન્યા. સિંધીઓ પર પંજાબીઓનું વર્ચસ્વ ટકી રહે એ માટે પાકિસ્તાની શાસકોએ તમામ પ્રકારના રસ્તાઓ અપનાવ્યા પરિણામે હિન્દુ હોય કે મુસ્લિમ પણ સિંધીઓ તમામ પોતાની આગવી પરખ અને સંસ્કૃતિના ધોવાણથી ચિંતિત બની ગયા.

તેવામાં જ ૧૯૭૧નું યુદ્ધ આવ્યું અને ભારતીય ફોજે સિંધના વિસ્તારો જીતવા માંડતાં સિંધુપુત્રોને જૂનું સપનું સાકાર થવાની આશા જાગી. તેથી જ તો ભારતના જવાનોને સિંધમાં ઉષ્માભર્યો આવકાર મળ્યો. ભારતીયોના મૂળભૂત સંસ્કારોનું જતન હવે થઇ શકશે એવી આશા જાગી. તેથી જ તો તેમણે તન અને મનથી ભારતીય સેનાને મદદ કરી. પણ એ સમયના બે વડાપ્રધાનો શ્રીમતી ઇન્દિરા ગાંધી અને જનાબ ઝુલ્ફીકાર અલી ભુટો વચ્ચેની સિમલા મંત્રણાને પગલે સિંધ સહિતનો જીતેલો પ્રદેશ પાકિસ્તાનને પાછો સોંપવા ભારત સંમત થતાં જ બધા અવાક બની ગયા. ભારતનું લશ્કર પાછું ખસી જાય અને તેઓ જો સિંધમાં જ રહે તો પાકિસ્તાનીઓ તેમને છોડે જ નહીં. તેથી તેમણે નગરપારકર જેવા વિસ્તારોમાંથી ઉચાળા ભરીને ભારત તરફ હિજરત કરી. કચ્છથી રાજસ્થાન સુધીની સીમાઓ પર હિજરતીઓની વણજારો વણથંભી ચાલુ રહી. ભારત સરકાર એને રોકવા માગતી હતી પણ લશ્કરના એક ભૂતપૂર્વ અધિકારી એ સમયને યાદ કરીને કહે છે તેમ ગોળીબાર વિના આ વણજારો અટકે તેમ નહોતી અને ગોળીબારનો હુકમ કોઇ કાળે અપાય તેમ નહોતો. પરિણામે ૭૦ હજાર હિન્દુ શરણાર્થીઓ ભારત આવ્યા. આ પૈકી ૫૦ હજાર રાજસ્થાનમાં અને બાકીના ૨૦ હજાર ગુજરાતમાં સ્થાયી થયા.

આ રીતે ૧૯૪૭ પછી બીજીવાર બેવતન બનેલા સિંધુપુત્રો પૈકી કેટલાયે સિમલા કરારથી સિંધનો પ્રદેશ પરત કરવાની જોગવાઇને કોંગ્રેસની બીજી ભૂલ કે બીજી દગાખોરી માને છે.

દગાખોરી શબ્દ કદાચ વધુ પડતો છે પણ ભારતના અનુભવની નજરે જીતેલો પ્રદેશ પરત કરવો કેટલે અંશે વાજબી હતો એવો સવાલ તો ઊઠે જ છે. ૧૯૪૭માં આઝાદી પછી તરત જ પાકિસ્તાને ભારતના કાશ્મીર પર ઓચિંતુ આક્રમણ કરી કેટલોયે પ્રદેશ પચાવી પાડયો. એ પ્રદેશ પાછો ન આપ્યો એટલું જ નહીં તેને 'આઝાદ' કાશ્મીર જાહેર કરીને આજ સુધી ત્રાસવાદના રૂપમાં આપણને પરેશાન કરતું રહ્યું. બીજો અનુભવ ચીનના આક્રમણનો છે. ૧૯૬૨માં ચીને હુમલો કરીને ઇશાન સરહદે કેટલોયે વિસ્તાર કબજે કરી લીધો, જેમાંથી એકપણ તસુ જમીન આપણને આજ સુધી ક્યાં પાછી મળી છે?

છતાં આપણે ૧૯૭૧માં જીતેલા પ્રદેશો પાકિસ્તાનને પરત કરી દીધા. સીમાદળના જવાનોએ કચ્છના રણનો ખૂણેખૂણો ખૂંદીને મૃગજળ પાર કરી સિંધમાં ત્રિરંગો લહેરાવ્યો પણ સિમલાની ઠંડીમાં રણની ગરમી લોપાઇ ગઇ. રણમાં જે જીત્યા તે ટેબલ પર ગુમાવ્યું. કચ્છ માટે તો આ બીજો અનુભવ હતો. ૧૯૬૫ના યુદ્ધ પછી કચ્છ ટ્રિબ્યુનલના ચુકાદાને પગલે છાડબેટ અને કંજરકોટ આપણે ગુમાવ્યા અને ૧૯૬૮માં કચ્છ સત્યાગ્રહ થયો એ છાડબેટ આપણે ૧૯૭૧માં પાછો મેળવ્યો હતો. પણ ફરી સિમલા કરારને પગલે પાકિસ્તાનને ક્રમને પરત કર્યો. ભારતને કદાચ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાની ચિંતા હતી, મૂળ પ્રશ્ન બાંગલાદેશની આઝાદીનો હતો. પૂર્વ પાકિસ્તાનનું નામનિશાન મટી જતું હતું, તેમાં ભારતની વિદેશનીતિ અને સંરક્ષણનીતિનો વિજય જોનારાઓ જીતના નશામાં 'જીયે સિંધ'ની વાસ્તવિક્તા ભૂલી ગયા હતા.

હવે ઘડીભર કલ્પના કરો કે જો આપણે સિંધમાં જીતેલો વિસ્તાર પાકિસ્તાનને સુપરત ન કર્યો હોત તો ? કાશ્મીરના જવાબમાં આઝાદ 'જીયે સિંધ'ની ઘોષણા કરીને નગરપારકરને એની રાજધાની આપણે બનાવી શક્યા હોત તો આપણા હાથમાં એ હુકમનું પત્તું બની જાત. કબજાગ્રસ્ત કાશ્મીરમાંથી ત્રાસવાદીઓ ઘૂસાડવાની નાપાક ચેષ્ટાનો જડબાતોડ જવાબ આપણે નગરપારકરથી આસાનીથી આપી શક્યા હોત. મતલબ કે 'જીયે સિંધ' ચળવળનેય આપણે ઇચ્છયું હોત તો કાશ્મીરના જ જવાબમાં અસરકારક સાબિત કરી શક્યા હોત.

અહીં એક બીજો મુદ્દોયે વિચારવા જેવો છે અને તે એ કે જો ૧૯૭૧ના યુદ્ધમાં ૧૭મી ડિસેમ્બરની રાતે ભારતે 'એકતરફી' યુદ્ધવિરામ જાહેર ન કર્યો હોત અને યુદ્ધ જો થોડું વધુ લંબાયું હોત તો ? સંભવ છે કે એ જ સમયે બાંગ્લાદેશની સાથે સિંધુદેશ પણ સર્જાઇ ગયો હોત.

તેર દિવસના એ યુદ્ધમાં કચ્છ-બનાસકાંઠા મોરચે સીમા સુરક્ષા દળની ત્રણ બટાલિયનો હતી જેમણે વિરાવા, વિંગુર ને નગરપારકર તાલુકા મથક સહિત ૮૦ જેટલા ગામડાઓ મળીને કુલ ૨૨૦૦ ચો.કી.મી. વિસ્તાર કબજે કરી લીધેલ. એવી જ રીતે રાજસ્થાન સીમાએ લોંગોવાલેના ઐતિહાસિક વિજય સાથે ત્યાંથીયે ભારતીય સૈન્યે કૂચ કરીને સિંધનો ૧૨,૨૦૦ ચો.કી. વિસ્તાર કબજે કરી લીધો હતો. કચ્છથી બિકાનેર સુધીના મોરચે આપણા જવાનો પાકિસ્તાનના સિંધ પર ઝડપથી આગેકૂચ કરી રહ્યા હતા, સામે પાકિસ્તાની લશ્કરનો જુસ્સો પડી ભાંગ્યો હતો. ખાસ તો પૂર્વ પાકિસ્તાનમાં જબ્બર પરાજય અને બાંગ્લાદેશના ઉદય સાથે હજારો પાકિસ્તાની સૈનિકોની શરણાગતિએ પ્રજાનું નૈતિક બળ છિન્નભિન્ન થઇ ગયું હતું. કરાંચી પર ભારતીય નૌકા સેનાએ મિસાઇલો વરસાવીને તેલની ટાંકીઓ ફૂંકી મારી હતી.

આવા સંજોગોમાં જો યુદ્ધ થોડું લંબાયું હોત તો સિંધ પણ આઝાદ થઇ ગયું હોત. જો કે આ તો 'જો અને તો'ની વાત છે. ઇતિહાસ એ આખરે ઇતિહાસ છે. બન્યું એ બન્યું. તક હાથમાંથી સરકી ગઇ એને ઇતિહાસની 'દગાખોરી' કહીએ કે નિયતિનો ખેલ પણ ૧૯૭૧ના યુદ્ધ અને સિમલા કરાર પછી સિંધ માટે વધુ કપરા દિવસો આવ્યા.

# ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરતા સુગંધિત છોડ

સુશોભિત છોડથી તમારા ઘરના ઇન્ટીરયરની સુંદરતામાં વધારો તો થાય જ છે સાથે કુદરત સાથે એક પ્રકારનું સમન્વય પણ થાય છે. તેમાં પણ કેટલાક છોડ એવા હોય છે જે કુદરતની સુગંધથી વાતાવરણને પ્રફૂલ્લિત કરી દે છે. એવા સાત સુગંધિત છોડ જેમને ઘરમાં ઉગાડવા તદન સહેલા છે તેની જાણકારી મેળવીએ અને પર્યાવરણના મિત્ર બનીએ.

ઘરની અંદર કુદરતનો સ્પર્શ લાવવો એમાં કંઇક જાદુઇ તત્વ છે. ઘરના છોડ ફક્ત આપણી જગ્યાઓને સુંદર જ નથી બનાવતા પણ હવાને પણ શુદ્ધ કરે છે, કોઇક છોડ તો આપણા મૂડને પણ સુધારે છે અને શાંત વાતાવરણ બનાવે છે. ઘરમાં લાવી શકાય તેવા વિવિધ છોડમાંથી, કેટલાક ફક્ત તેમની સુંદરતા માટે જ નહીં, પરંતુ તેમની આનંદદાયક સુગંધ માટે પણ અલગ પડે છે. અહીં જે ઘરમાં ઉગે એવા કેટલાક છોડની વાત છે તે એમની તાજગી આપતી સુગંધથી તમારા ઘરને ભરી દે છે.



જાસ્મીન (જૂહી): આ મોહક છોડ નાજુક સફેદ ફૂલો આપે છે જે ખાસ કરીને રાત્રે અદભૂત સુગંધ છોડે છે. લાંબા દિવસની દોડધામ પછી જ્યારે તમે આરામ કરવાની ઇચ્છા કરો ત્યારે તમારા લિવિંગ રૂમમાં ફરતી જાસ્મીનની મીઠી સુગંધથીતમારી ચિંતાઓ ઓછી થઇ શકે છે તથા સારી ઊંઘ પણ પ્રદાન કરી શકે છે. જાસ્મીન તેજસ્વી, મધ્યમ સૂર્યપ્રકાશમાં સારી રીતે ખીલે છે. તેને ભેજવાળું રાખો પણ તેને પાણીમાં ન રહેવા દો, નહીંતર તેના મૂળ સડવાનો ભય રહેશે.



લવંડર (લવેન્ડર): જો તમે એવા છોડ શોધી રહ્યા છો સારા દેખાવ સાથે સરસ સુગંધ આપે, તો લવંડર સિવાય બીજું કંઇ ન વિચારો. તેના આકર્ષક જાંબલીના વિવિધ શેડસ, સ્પાઇક્સ અને ચમકીલા લીલા પર્ણસમૂહ સાથે તમાર આંખોને જાણે ઠંડક પહોંચાડે છે. તેની સુગંધ પણ અત્યંત મનમોહક છે. તેની શાંત અસરો માટે જાણીતું લવંડર, તણાવ ઘટાડવામાં અને ઊંઘની ગુણવત્તા સુધારવામાં મદદ કરી શકે છે. જ્યારે પણ તમે તેની પાસેથી પસાર માત્ર થાઓ ત્યારે તમારું પોતાનું નાનું એરોમાથેરાપી સત્ર થઇ જતું હોય છે. લવંડરને સીધો સૂર્યપ્રકાશ અને પાણીયુક્ત માટી ગમે છે. પરંતુ તેને થોડું જ પાણી આપો, કારણ કે રાત્રે તે સૂકી રહેવાનું પસંદ કરે છે.




ગેરેનિયમ છોડ (ગુલાબી ગુલાબ કે ચાયનીઝ ગુલાબ): ગેરેનિયમ સુંદર મજાના ફૂલો છે જે તમારા ઘરમાં એક આનંદદાયક સુગંધ પણ લાવી શકે છે. લીંબુ, ગુલાબ અને ફુદીના જેવી સુગંધ ધરાવતા છોડો સાથે આ છોડ તમને સંવેદનાત્મક આનંદ આપે છે. ગુલાબની સુગંધવાળું ગેરેનિયમ સુંદર આકર્ષક દેખાવની સાથે તેની મંદ મંદ સુગંધ માટે પણ લોકોમાં પ્રિય છે. તમે તેની સંભાળ સરળતાથી રાખી શકો છો. માત્રામાં સૂર્યપ્રકાશ સાથે તે મોટેભાગે ઘરની અંદર જ ખીલી શકે છે. તમે થોડા સમય માટે તમારા ગેરેનિયમને સૂર્યપ્રકાશમાં મૂકી શકો છો તથા માટી સૂકાઇ જાય પછી પાણી આપી શકો છો.



ફુદીનો (મિન્ટ) : તમારા રસોડામાં તાજા ફુદીનાની સુગંધ ફેલાતી હોય તેવી કલ્પના કરી શકો છો. ફુદીનો માત્ર એક જાનદાર વનસ્પતિ જ નથી જે રસોઇમાં ઉત્તમ સુગંદ તથા સુગંધ આપે છે પણ એક ઘરમાં ઉગાડી શકાય તેવો છોડ પણ છે. જેની સુગંધ તમારા આત્માને અલગ અનુભૂતિ અર્પે છે. તમને ખાસ પ્રકારની ઉર્જા આપે છે. ચા થી માંડીને કોકટેલ માટે તાજો ફુદીનો ઉમેરવાથી એક વધારાનો સ્વાદ ને સુગંધ મળે છે. તેની સુગંધ જ્ઞાનતંતુઓને જગાડે છે જે તેને એક ઉત્તમ છોડ બનાવે છે. ફુદીનો ભેજવાળી જમીનમાં સારી રીતે ઉગે છે. તેને વધુ સૂર્યપ્રકાશ પસંદ નથી..



હોયા કાર્નોસા (વેક્સ પ્લાન્ટ): હોયા કાર્નોસોને મીણના છોડ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે તેના જાડા, મીણ જેવા પાંદડા અને તારા આકારના ફૂલોના ઝુમખા સાથે એક અનોખી સુંદરતા પ્રદાન કરે છે. એ ખીલે ત્યારે તે એક મીઠી, મધ જેવી સુગંધથી રૂમને ભરી દે છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે હોયા કાર્નોસા હવાને શુદ્ધ કરવામાં પણ અસરકારક છે, જે તમારા ઘર માટે પણ ખૂબ ઉપયોગી થાય તેમ છે. આ છોડ તેજસ્વી, પરોક્ષ સૂર્યપ્રકાશને પસંદ કરે છે. જ્યારે માટી ઉપરથી સૂકાઇ હોય ત્યારે જ તેને પાણી આપવું.



ગાર્ડેનિયા (ગંધરાજ, જાસ્મિન કે પારિજાત): આપણે ત્યાં વિવિધ નામો ધરાવતા આ સુગંધિત છોડ વગર તમારા ઘરનું ઇન્ટીરીયર ગાર્ડન પૂર્ણ થાય જ નહીં. આ છોડના ક્રીમી સફેદ ફૂલો માદક સુગંધ ફેલાવે છે જે સુગંધ પ્રેમીને આકર્ષે છે. તેની સંભાળ થોડી અઘરી ખરી પણ પરિણામો જાણે મોટું પુરસ્કાર આપે છે. ગાર્ડેનિયાની સુગંધ તમારા મૂડને સુધારે છે અને તમને શાંતિ આપે છે જેને લીધે તમારો રૂમ આરામદાયક બની જાય છે. ગાર્ડેનિયા વધારે ભેજવાળું વાતાવરણ પસંદ કરે છે. તમે પાણીને નિયમિતપણે તેમના પાંદડા પર છાંટી શકો છો તથા તેને 'પ્રસન્ન' કરવા નજીકમાં હ્યુમિડિફાયર પણ મુકી શકો છો.

(સંદર્ભ : ચેરીશા સોનાવાલાનો આર્કિટેક્ચરલ ડાયજેસ્ટનો લેખ તથા વિકીપીડીયામાંથી સાભાર)

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## વાગડનો વીર : સારંગજી ડોડીયા ગેડી



સવારનો પહોર છે ગેડીના રાજા રાણાજી વાઘેલાની ડેલીએ આજ ડાયરો જામ્યો છે ચારણોના દુહાની રમજટ બોલે છે કહુબા લેવાય છે એ ટાણે કોઇએ આવીને સમાચાર દીધા કે સારંગજી ડોડીયા પધાર્યા છે સમાચાર સાંભળતા રાણાજી વાઘેલાને મોજના દોરા ફૂટે છે. મારો ભાઈબંધ આવ્યો, મારો ભેરુ આવ્યો, મારો વાલીડો આવ્યો. બંને ભાઇબંધ એકબીજાને બથભરી મળે છે. કહૂંબા લે છે. આજની રાત વાદ કરી રોકે છે સવાર પડે છે સારંગજી ડોડીયાનો નિયમ છે પ્રભાતે સૂરજ દાદા ને પ્રણામ કરે છે.

'ભલે ઉગા ભાણ ભાણ તિહારા લઉં ભામણા,
જીયણ મરણ લગ માણ અમારી રાખજે કશ્યપ રાહુ'

બીજે દિવસે ડાયરો ભરાણો બંને ભાઈ બંધ સુખ દુઃખની વાતો કરે છે શિરામણ થાય છે પછી સારંગજી ડોડીયા જવાની રજા લે છે પણ રાણાજી વાઘેલા જવા નથી દેતા. પંદર દિવસ રોકે છે. પંદર દીવસ પછી સારંગજી ડોડીયા જવાની રજા લે છે તો પણ આજ રાણાજી વાઘેલા જવા નથી દેતા. ઘણો વાદ કર્યા પછી રાણાજી વાઘેલા બોલ્યા કે, 'એક કામ કરો, આજ મારા દરબાર ગઢમાં જમવા હાલો.' (એ સમયે મહેમાનો માટે રહેવા જમવાની વ્યવસ્થા ડેલીએ થતી દરબારગઢ રાજાના નિવાસ સ્થાન સુધી ના જવાતું.)

સારંગજી ડોડીયા બોલ્યા કે, 'મને ડેલીએ વધારે ફાવે. આપણે ડેલીએ સાથે જમીએ.' પણ રાણાજી વાઘેલા માન્યા નહિ અને દરબાર ગઢમાં જમવા લઇ ગયાં. બંને ભાઇબંધ જમવા બેઠા.

રાણાજી વાઘેલા બોલ્યાં કે, 'ડોડીયા હલાવો.' પણ જ્યાં સુધી ઘરધણી કોળિયો ના ભરે ત્યાં સુધી મહેમાન જમવાનું ચાલુ કરે નહિ. રાણાજી વાઘેલાએ ચાલુ કર્યું પણ રાણાજી વાઘેલાએ કોળિયો ભરતા પહેલા બે ચપટી ધૂળ થાળીમાં નાખી અને કોળિયો ભર્યો અને આ દશ્ય સારંગજી ડોડીયાએ જોયું ત્યાં જ રાણાજીનો હાથ પકડી લીધો અને કીધું કે, 'વાઘેલા આમ ધાનમાં ધૂળ નાખી ખાવાનું કારણ ? આનાથી મોટું કોઇ દુઃખ ના હોઇ શકે. માણસ ધાનમાંથી ધૂળ કાઢીને ખાય પણ તમે ધૂળ નાખીને ખાઓ છો ? મારાથી કઇ ભૂલ થઇ કે આનું કારણ બતાવો.'

રાણાજી વાઘેલા બોલ્યા કે, 'ડોડીયા ! પૂછવાનું રેવા દયો. મારું દુઃખ છે, મારી પાસે જ રેવા દયો.' પણ સારંગજી માને એમ ન હતાં એ બોલ્યા કે, 'જ્યાં સુધી કારણ ના બતાવો ત્યાં સુધી ગેડીનું અન્ન-જળ હરામ છે.'

પછી રાણાજી બોલ્યા કે, 'મારે વાવના રાજા સાજોજી ચૌહાણ સાથે મારા બાપનું વેર છે. જ્યાં સુધી એનુ માથું ઉતારી ગેડીમાં ના લાવું ત્યાં સુધી ધાનમાં ધૂળ નાખીને ખાઉં છું.વૃદ્ધા અવસ્થાના કારણે વેર લઇ નથી શકતો કે નથી કોઇને કઇ શક્તો.'

પણ આટલું સાંભળતાતો સારંગજીના 'અંગ રૂવા અવળા થીયા અને વ્યાપી જ્વાળા વ્યોમ' બોલ્યા કે 'બસ આટલી જ વાત ! કાલનો સૂરજ ઊગે એ પહેલાં વાવના રાજાનું મસ્તક તમારાં હાથમાં દઉં.' બોલી ને નીકળી ગયા. ત્યાંથી ગેડીનો એક કોળીનો જુવાન કાળુભાઇ ભેગો હાલવા તૈયાર થયો.

સારંગજી ડોડીયાએ ના પાડી કે 'હું એકલો જાઉં છું, તું રેવાદે' એટલું કહી પોતે નીકળી ગયા. વાવ પોત્યા, ત્યાં જઇ જોયું તો કાળુ અને તેની સાથે મોતી કૂતરો પણ આવ્યો છે અને સારંગજીની સાથે વાવ પહોંચી આવ્યા છે. રાતે વાવ પોગ્યા છે. મહેલના ઝરૂખાની બારે કાળુને કીધુંકે, 'બેટા, તું ઘોડાને પકડીને રાખજે હું હમણાં આવું છું.'

રાજાના ચોકિયાતો, દ્વારપાળ હતા, એમને મારી નાખી ને રાજાના ઓરડામાં પ્રવેશ કર્યો. રાજા સૂતો છે. રાજપૂતનો દીકરો સૂતેલા ઉપર ઘા ના કરાય, જગાડ્યો, પડકાર કર્યો ને બોલ્યા કે, 'થાજે માટી, રાણાજી વાઘેલાનું વેર વાળવા ગેડીથી આવ્યો છું.' સામસામી તલવારોની બાકાજીક બોલી પણ સારંગજી ડોડીયા સામે સાજોજી ચૌહાણ ઘણી વાર ટકી શક્યો નહીં. તલવારના એક ઝાટકે માથું ધડથી અલગ કરી નાખ્યું ને મસ્તક લઇ સારંગજી ડોડીયા ઘોડા પાસે આવ્યાં. ઘોડાના પાવરામાં માથું રાખ્યું. ઘોડાની લગામ પકડી કાળુ ઊભો તો એ બોલ્યો, 'બાપુ ! ગેડીનું પાધર દૂર છે, સવારે સૂરજ ઊગે એ પહેલા તમારે પહોંચવાનું છે. તમે મારતે ઘોડે નીકળો. મારી ઉપાધી ના કરતા. હું પહોંચી આવીશ.'

સારંગજી ઘોડો લઇ નિકળી ગયાં પણ અડધી રાત થઈ ગઇ છે. ગેડીનું પાધર હજી ઘણું દૂર છે સૂરજ ઊગે એ પહેલા ગેડી પહોંચવાનું છે, ઘોડાની કેહવાળી ઉપર હાથ ફેરવી બોલ્યા કે, 'જો તને નાનપણથી મારા પેટના દીકરા જેમ ઉછેર્યો હોય, મારી ચાકરીમાં કાંઈ ખામી ના રહી હોય તો આજ સૂરજ ઊગે એ પહેલા ગેડીના ઝાડવા દેખાડ. પાછળ વાવની ફોજ છે જો સવાર પહેલા ગેડી નહિ પહોંચું તો મારું વચન ખાલી જશે.' ઘોડો પણ અસવારની વાત સમજી ગયો હોય એમ પવનની વેગે દોડવા માંડ્યો.

કાળુને થયું કે, 'આજ મારે દાદા ભેગા ગેડી પહોચવું છે, પાછળ રહી ગયો ને દાદાને કંઈ થયું તો જગતમાં મેણું રહી જશે. મોત આવે તો ભલે આવે પણ આજ દાદા ભેગા મારે પોચવું છે.' આમ ઘોડા ભેગા મોતી કૂતરો અને કાળુ પણ દોડ્યા આવે છે. સવાર પડે એ પહેલા ગેડીના ઝાડવા દેખાણાં. ગેડીના પાધરમાં પહોંચ્યા ત્યાં સૂરજનારણે કોરણું કાઢી સારંગજી ડોડીયાએ ઘોડો ઊભો રાખી સૂરજ દાદાને પ્રણામ કર્યા. ઘોડા ઉપર હાથ ફેરવી બોલ્યા કે, 'ધન્ય રોઝા મારું વચન રાખ્યું, આખી રાત પણ ટુંકી પડે એ પલ્લો તેં અડધી રાતમાં કાપ્યો.' ઘોડાથી નીચે ઉતર્યા ત્યાં ઘોડો છૂટી ગયો. ઘોડાએ પોતાનાં પ્રાણ કાઢી નાખ્યા. પાછળ નજર કરે ત્યાં કાળુ ઊભો છે, એને પણ શ્વાસ ચડ્યો છે, બાજુમાં મોતી કૂતરો પણ પોતી આવ્યો છે એની પણ જીભ નીકળી ગઇ છે. બંને જણા હાંફી ગયા છે.

દાદા બોલ્યા, 'કાળુ ધન્ય છે તારી જનેતાને ! ઘોડા ભેગો પોત્યો કે ?' 'હા દાદા !' મોતી ઉપર હાથ ફેરવયો ત્યાં કાળુ અને મોતી કૂતરે પણ પોતાનાં પ્રાણ કાઢી નાખ્યા. દાદાએ ત્રણેયને કીધું કે, 'તમે અમર થઇ હંમેશા માટે અહી પૂજાશો.' (આજે પણ ઘોડો, કાળુ કોલી ને મોતી કૂતરાની સમાધિ ગેડીના પાદરમાં છે.) સારંગજી ડોડીયા મસ્તક લઇ ગેડી દરબારગઢ આવ્યાં. એમનાં સામૈયા થયા. વાવના રાજાનું મસ્તક રાણાજી વાઘેલાના હાથમાં આપ્યું ને બોલ્યા કે, 'હવે ઘીએ રાંધો ને દૂધે જમો. આજથી હવે તમારે થાળીમાં ધૂળ નાખી નંઇ ખાવું પડે.' સવારે ગેડીનો ડાયરો ભેગો થયો. રોઝા ઘોડો, કાળુ કોલી, મોતી કૂતરો ત્રણેયને સમાધિ દીધી. પાળિયા ખોડયા.

પણ આજ ગેડીનો ડાયરો ખમકારા કરે છે, વાહ સારંગજી રંગ છે, ડોડીયા તમારી જનેતાને કે તમારાં જેવા વીરને જન્મ આપ્યો પણ આજ રાણાજી વાઘેલાને મોજના દોરા ફૂટે છે અને બોલ્યા, 'વાહ સારંગજી ડોડીયા... વાહ, માંગો તમે બોલો તો આજ ગેડીનું રાજ તમને આપી દઉં.'

સારંગજી ડોડીયા બોલ્યા કે, 'વાઘેલા તમારું અનાજ ખાધું છે. મારાથી મંગાય નંઇ. આ તો મારી ફરજ હતી. મેં તો કાંઇક આવા કામ કર્યા, કોઇ પાસે હાથ લાંબો નથી કર્યો. એક રાતમાં સરધારનો ગઢ બાંધ્યો લાખાજીના રાજમાં અને જસદણમાં જસાજી ખાચરનું રાજ મુલતાન મુસલમાનો પાસેથી પાછું અપાવ્યું. હમેશાં સત્યની સાથે રે'વાવાળો રાજપૂત છું. મારાથી મંગાય નંઇ. ભાઈબંધી માટે આટલુંના કરું તો તો મારી ખાનદાની લાજે.' આટલું બોલી સારંગજી ડોડીયા રજા લે છે.

રાણાજી વાઘેલા બોલ્યા કે, 'હવે જવા નઇ દઉં. કાયમી માટે અહીં રહો. હવે ગેડી મુકી જાવ તો તમને સૂરજદાદાના સોગન છે. તમારા વગર મને હવે કહુંબો નઇ ઊગે. (પણ જો કાયમી માટે રે'વું હોય તો જીવા દોરી માટે જમીન જોવે, મફતમાં રોટલા ખવાય નંઇ.)

સારંગજી ડોડીયા બોલ્યા કે, 'કાલ આપણે બન્ને ના હોઇએ અને આપણા વસ્તારને જમીન માટે ઝગડા થાય તો આપણા સંબધ માથે ધૂળ નાખી ગણાય.'

રાણાજી વાઘેલા બોલ્યા કે, 'તમે બોલો એટલી જમીન તાંબાના પતરે લખી દઉં.'

સારંગજી ડોડીયા બોલ્યા કે, 'અત્યારે નંઇ સમય આવ્યે એટલે બોલીશ.' આ વાત ને એકાદ વરહ થયું. સારંગજી એ વછેરો પાળ્યો તો વેતર રાખ્યું'તું. એ જમાનામાં સારી ઓલાદની ઘોડી હોય તેનું વેતર રાખતા. પોતે પાળેલો વછેરો બરોબર એક વર્ષનો થયો અને તેને ચડાઉ કર્યો ત્યારે રાણાજી વાઘેલાને કીધું કે, 'કાલે ડાયરો બોલાવો. સમય આવી ગયો છે તમારી વાત રાખવાનો. તમારે મને કાયમી રાખવો હોય તો મારા વસ્તારને ખાવા તો ખપે ને !'


(વધુ આવતા અંકમાં...)

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૦

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

# ભારતના આદ્ય ક્રાંતિવીર કચ્છના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા - ૨

ગતાંકથી આગળ...



પંડિતજી ઉદયપુરમાં સંસદ સભ્ય હતા ત્યારે ત્યાં પણ તેમણે પોતાની વિદ્વત્તા અને કાર્યદક્ષતાનો પરિચય કરાવી આપ્યો હતો. અજમેરની આસપાસ એમણે રૂનાં કારખાનાં ખોલ્યાં હતાં. આ ઉદ્યોગમાં લાખો રૂપિયા કમાયા પણ હતા.

અંગ્રેજોના અભિમાનનો પરિચય ભારતમાં રહીને એમને સારી પેઠે થઈ ગયો હતો. એમને માટેનું રહ્યુંસહ્યું માન પણ હવે એમના હૃદયમાંથી વહી ગયું હતું. અંગ્રેજ સરકાર પર રતીભાર પણ હવે એમને આસ્થા રહી ન હતી. હવે તો ભારતમાંથી અંગ્રેજી સલ્તનતને ઉખેડીને ફેંકી દેવાની તૈયારીમાં તે લાગી ગયા હતા; પરંતુ એ વખતે ભારત એક ગુલામ દેશ હતો. આ કારણથી અહીં એમની પ્રવૃત્તિને પૂરતો વેગ મળી શકતો ન હતો. પોતાની પ્રવૃત્તિઓને વિસ્તૃત સ્વરૂપ આપવા માટે ભારત ભૂમિને છેલ્લી સલામ કરીને પંડિતજી ઇંગ્લેન્ડ ચાલ્યા ગયા.

બ્રિટિશ સરકાર પણ હવે એમની પ્રવૃત્તિઓને શંકાની નજરે નિહાળવા લાગી. એમના પર કેટલાક અંકુશો પણ મૂકવામાં આવ્યા હતા. આથી ઇંગ્લેન્ડનો ત્યાગ કરીને એમને યુરોપના જુદાજુદા દેશોમાં વસવાટ કરવો પડયો હતો. ત્યાં પણ ભારતની આઝાદી માટેના એમના પ્રયત્નો ચાલુ હતા. આ કારણથી બ્રિટિશ સરકાર એમને ઝડપી લેવા માગતી હતી. પંડિતજી જ્યાં જતા ત્યાં બ્રિટિશ સરકારનું જાસૂસી ખાતું એમની પાછળ ને પાછળ રહેતું.

સન ૧૯૩૦ના માર્ચની ૩૧મી તારીખે પંડિતજીનું અવસાન થયું. એમણે પોતાનું સમસ્ત જીવન ભારત ભૂમિને પરાધીનતામાંથી મુક્ત કરવાના કાર્યમાં ખરચી નાખ્યું હતું. ભારતના આદ્યક્રાંતિકારી અને આઝાદીના ઝંડાધારી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા હતા.

સન ૧૯૦૯ના જાન્યુઆરીમાં પેરિસ ખાતેની એક અખબારી મુલાકાતમાં એમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું હતુંઃ 'હિંદમાંથી બ્રિટિશ સરકારને ઉખેડી નાખવાને કોઈ શસ્ત્રપ્રયોગોની આવશ્યકતા હોય એવો વિચાર મને સ્વપ્ને પણ આવતો નથી.' પંડિતજીનો આ અભિપ્રાય અક્ષરશઃ સત્ય નીવડ્યો.

પંડિતજીએ પોતાના પત્ર Indian Sociologist દ્વારા વિલાયતમાં બેઠા છતાં જાહેર કર્યું હતું કે, 'કોઇએ સરકારી સિક્યુરિટીમાં પોતાનો પૈસો ન રાખવો. હિંદવાસીઓએ પ્રજાકીય ઋણનો ઇન્કાર કરવો. હિંદીઓએ કોઈ પણ જાતની સરકારી જલ કે સ્થળની નોકરી ન કરવી. બ્રિટિશ સરકાર દ્વારા ચાલતી સ્કૂલો કે કોલેજોમાં અભ્યાસ ન કરવો. વકીલો, ડોક્ટરો, બેરિસ્ટરો સૌએ મળીને બ્રિટિશ સરકારનો બહિષ્કાર કરવો.'

આ ક્રાંતિકારી વિચારો સૌથી પ્રથમ પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ બેધડક જાહેર કર્યા હતા. આથી પંડિતજી બ્રિટિશ સરકારને આંખના કણાની માફક ખટકી રહ્યા હતા. પંડિતજી એક મુત્સદ્દી રાજપુરૂષ હતા. બ્રિટિશ સરકારની અનેક ચાલબાજીઓ છતાં તેઓ તેની જાળમાં સપડાયા તો ન હતા, પણ બ્રિટિશ સરકારે તેમને તેમના જીવનની છેલ્લી ઘડી સુધી સુખે બેસવા દીધા ન હતા જંપવા દીધા ન હતા.

એ સમયે કેટલાક હિંદીઓ પણ બ્રિટિશ સરકારના જાસુસ બનીને પંડિતજીને સપડાવવાની પેરવી કરી રહ્યા હતા. આ કારણથી બધા પ્રત્યે પંડિતજી અવિશ્વાસની નજરે જોતા થઇ ગયા.

પંડિત નેહરૂ પોતાની આત્મકથામાં શ્યામજી કૃષ્ણવર્મા સાથે યુરોપમાં થયેલ મુલાકાતનો ઉલ્લેખ કરતાં લખે છે, 'લંડનમાં શ્યામજી કૃષ્ણવર્મા અને એમના 'ઇન્ડિયા હાઉસ' વિશે અમે સાંભળતા હતા પણ હું એમને કદી મળ્યો નહોતો. એમનું સાપ્તાહિક 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' ઘણીવાર જોતા ખરા. ઘણાં વર્ષો પછી ૧૯૨૬માં જીનીવામાં શ્યામજીને હું મળ્યો તે વેળા પણ તેના ખિસ્સામાંથી સાપ્તાહિકના છાપાં ડોકિયાં કરતાં હતાં. તેમની પાસે જનાર લગભગ દરેક હિંદીને તે બ્રિટિશ સરકારનો મોકલેલો જાસૂસ માનતા હતા. કોઇ કોઇવાર હિંદીઓ જીનીવામાં આવતા. મોટા ભાગના રાષ્ટ્રસંઘમાં આવનારા સરકારી માણસો હતા. શ્યામજી તો કોઇ પણ સંજોગોમાં તેમનો પડછાયો સરખો પણ ન લે. ત્યાં આવતા લોકનાયકો ને મહાસભાવાદીઓને મળવાનો શ્યામજી પ્રયત્ન કરતા પણ તેઓમાંથી મોટા ભાગના એમને મળવા ઇચ્છતા ન હોય. જાહેરમાં તેઓ એમનાથી દૂર રહેવા પ્રયત્ન કરતા. ખાનગીમાં પણ મળવાથી ગભરાતા. આમ શ્યામજી અને તેની પત્ની કશા સંતાન વિના, સગાંવહાલાં કે મિત્રો વિના, સંબંધી કે સાથી વિના એકાકી જીવન ગાળતાં હતાં. તેમની અને મારી વચ્ચે કશું સામાન્ય ન હતું તો પણ તેમના પ્રતિ મને સહાનુભૂતિ ને આદર થયા વિના ન રહ્યાં. થોડા વખત ઉપર છાપાંઓમાં તેમના મૃત્યુના ખબર આવ્યા હતા અને ત્યારબાદ તરત જ તે પછી પરદેશમાં તેમની સાથ આપનારી તેમની જીવનસંગિની પણ સિધાવ્યાં. પરદેશમાં શીખનારી હિંદી સ્ત્રીઓની મદદ માટે તે મોટી રકમ મૂકી ગયાં છે એમ સાંભળવા મળેલ છે.'

પંડિત નહેરૂ જ્યારે પંડિતજીના પરિચયમાં આવ્યા ત્યારે તો આ ક્રાન્તિકારી કચ્છી વીરનાં વળતાં પાણી થયાં હતાં. (આમ શ્યામજી તરફ તે વખતના 'લિડરો'એ કોઇ ધ્યાન જ આપ્યું નથી.) એમણે પોતાની શરૂઆતની જિંદગી જીવનનો વિકાસ સાધવામાં ને બાકીની જિંદગી બ્રિટિશરો સામે લડવામાં જ વ્યતીત કરી હતી.

આઝાદીની લડતના આદ્ય સૈનિક તરીકે અને એક અડગ ક્રાંતિકારી યોદ્ધા તરીકે કચ્છના પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નામ હંમેશા અમર રહેશે.

કચ્છી કવિતા

## ડેવરીએં ડીયા બરેં

જલ જલ ભરિયું ભેનરૂં રે, કે અજ મિઠા મીંયડ઼ા વઠા;
ધિલધિલ ઠારિયું જેડલું રે, કે અજ થધા ડીંયડ઼ા ડિઠા.

નીરા નીરા છિલે નેસડ઼ા રે, કે પાણી પાલર છિલેં;
વણ વણ ખિલેં સીમાડ઼ે રે, કે ધણ ધુલા સામે મિલેં.

રધે રધે ખેબો લાપસી રે, કે હેતજી પેડ઼ી કબો;
વેરા વરે ન-તી વાપસી રે, કે ગોઠડ઼ી તેડ઼ી કબો.

વથાણે વથાણે ઉભા વડલા રે, કે મિઠડ઼િયું છાઇંયું કરીં;
પોખેઓં પોખીધલેં પોખેઓં રે, કે ભલારા ભલાઈયું કરી.

ડુંગર ડુંગર મથે ડેવરી રે, કે ડેવરીએ ડીયા બરેં;
જમાર જમાર એડ઼ી ઝૂંપડી રે, કે ઝૂંપડીએં જીઆ બરેં.

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'ઢિંચો'માંથી

## નગર હી

કુર ખબર કેંકે લજેતો નગર હી . ?
ચિઈ ભરા કેડો ભજેતો નગર હી

સાવ થોડી શાંતિ જી શોધ મેં
રાત ડીં નેર્યો ગજેતો નગર હી

કેંક જા લાયે કરે શણગાર નેં
કોડ સેં વડે સજેતો નગર હી

ન આયો વ્યો કીં પુછેતો કેંકે
કેડી વડપ મેં વજેતો નગર હી ?

કુલા ડિઈ ઉભા ઐ મિડે હિત
નેરીયું કેં વટા ખજેતો નગર હી.

-જયેશ ભાનુશાલી 'જયુ'

## કવિત

રૂપ ડિને રઙ ડિને, સજણે જો સંગ ડિને,
વાણી ને વિચારે મેં, સાધુ જેડ઼ોં ઢંગ ડિને.

જરને જમીન પણ, જરૂરતનું જિજા ડિને,
કુટમ નેં કભીલે મેં, વસીલો અભંગ ડિને.

પધવી ને પ્રેમ પૈસોં હીંઆરી હુભેંસ ડિને,
કવિતા જો કલ્પના મેં, ઉડેલા પતંગ ડિને.

ડિઇ મિડ઼ે પુરેં 'સ્વપ્ન' ન ડિનેં સે ગાલ સુણોં,
હવસ જે ઘોડ઼ે કે બધેલા ન તંગ ડિને.

- લાલજી મેવાડા 'સ્વપ્ન'ના પુસ્તક 'વાછંઢ' માંથી

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૪

## અન્ન ધન આબરૂ વિઞાય, ધુનિયાં મિંઞા વેંવાર.
## અન્ન, ધન, આબરૂ ખોઇ, દુનિયામાંથી વ્યવહાર.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મોઃ 8320313731

સાંજ થવા આવી હતી, બસમાંથી કેટલાક છડિયા ઊતરી સતીમાને ઓટલે મોટેથી થતી વાતચીત સાંભળી કુતૂહલવશ ભીમનાથ મહાદેવના પટાંગણ તરફ ખેંચાઇ આવ્યાં. આખા દિવસના શ્રમથી થાકી જવાયું હોય તેમ મંદિરની ધજામાંથી ફફડાટનો નાદ સમી ગયો હતો. પવન જૂગટું રમનાર દાવ બદલતો હોય તેમ ઘડીક આ બાજુથી તો ઘડીક પેલી બાજુથી વહી રહ્યો હતો. જૂગારમાં સર્વસ્વ હારી ગયેલા રમનારને પછીથી થતા પસ્તાવા જેવું મુખારવિંદ લઇ સૂર્યનારાયણ ધીરેધીરે અસ્તાચળ તરફ જઇ રહ્યાં હતાં. ફૂલોમાંથી તેજ હણાઈ ગયું હતું, સુગંધ તો તડકાએ ચૂસી લીધી હતી. નિર્જીવ થઇ ગયેલ શરીરની જેમ ફૂલો ડાળખીમાં લટકી રહ્યાં હતાં. જાણે શ્વાસ તો ક્યારનોય નીકળી ગયો હોય.

સંધ્યાનું રૂપ કોઇ નવયૌવના જેવું હતું. પણ! જુગારમાં દ્રૌપદીને હારી ગયેલા યુધિષ્ઠિર જેવું નિસ્તેજ ખોડિયું શ્વાસના વાંકે જીવી રહ્યું હોય તેવું સંધ્યાનું દશ્ય હતું. સતીમાના ઓટલા પર 'સતોપીસ' રમતા ખેલીઓએ હાર-જીતની બાબતમાં ઉગ્ર વાદવિવાદ શરૂ કરી દીધો હતો. ભીમગર બાવાજી શાંત થવા તેમને સમજાવી રહ્યાં હતાં. વાલાને જવું હતું પણ બસ ઊપડી ગઇ હતી, હવે કાલે પગે ચાલ્યો જઇશ એવો નિશ્ચય કરી આ માહોલને તે છોડી શક્યો નહીં. દરરોજ પોતપોતામાં મસ્તી કરનારાઓના બે પક્ષ પડી ગયાં હતાં, સહુ પોતાના પક્ષની જીત અને તેના કારણો સમજાવી રહ્યો હતો. એટલે અભેસંગે કહ્યું સુણો: 'હું એક પિરૂલી કહું છું, તે માત્ર સમસ્યા સ્વરૂપ નથી પણ ! માનવ જીવનમાં જુગારથી કેવા કેવા ભયંકર પરિણામો આવે છે અને તે આપણને જ ભોગવવા પડે છે તેનો ચિતાર લોકસાહિત્યકારે આપ્યો છે.'

[1]વડા શેઠિયા શાહુકાર નેં લખેંજા દાતાર,
પૈસેંલા [2]પિનેં [3]વિઠા, પુતરનેં પરિવાર.
સમજ્યા સે સંસારમેં, ફિટ ડીયેં ફિટકાર,
અન્ન ધન આબરૂ [4]વિઞાય, ધુનિયાં [5]મિંઞા વેવાર.
[6]ઘટમેં [7]ગારે ગુલમ ચે, [8]મુખાછુટીમેં ન્યાર.

[1]મોટા, [2]માગવું(ભીખ), [3]છે;પડયા; (કોઈ ક્રિયા સાથે સંબંધિત), [4]ખોઈ (નાખવું), [5]માંથી, [6]હૈયા(માં), ૭(હૈયાના) ઊંડાણ(માંથી), [8](જોઈને) મુખમાંથી સ્ફૂરી (એવી અછાંદસ રચના)

આ પિરૂલી મુખાછુટી કે મુખાછુટીવાઇ નામના પ્રકારની છે અને તેનો જવાબ જુગાર છે. એવી આ પિરૂલી જુગાર રમનારાઓના કેવા કેવા હાલ થાય છે તે તરફ અંગુલિનિર્દેશન કરે છે, પણ ! મુખ્ય ઉદેશ તો પાંડવોએ રમેલા જુગાર તરફ જ છે. ત્યારે મોટા મોટા શેઠ-શાહુકારો અને લાખોની દાતારી કરનારાઓને પણ ભીખ માંગવાનો વારો આવી જાય છે.

લોકસાહિત્યકાર ગુલમ (લેખક) અહીં પ્રથમ પંક્તિમાં અતિ ધનવાન અને દાતારની વાત કહે છે. તો બીજી પંક્તિમાં જુગારની આદત જેને લાગી તેવા ઉપરોક્ત માણસો પણ રમવા માટે ઉધાર લેવા કે માંગવા શરમાતા નથી. એવી પ્રતિષ્ઠાને વરેલા પણ સારાસારનું ભાન ખોઇ બેસે છે. સંસારમાં જે સમજ્યા તે તેના પર ફિટકાર વરસાવે છે. માનવ જીવનમાં પ્રતિષ્ઠાથી જીવવા માટેના ચાર પાસાને લોકસાહિત્યકારે બહુજ ખૂબીથી રજૂ કર્યા છે. અન, ધન, આબરૂ, વેવાર આ પાસાને ઉજાગર કરવા હોય તો જુગાર છોડી દેવું એવું નિર્દેશન પણ ચતુર્થ પંક્તિમાંથી મળે છે. જે એના ગુણ-અવગુણ સમજે છે. તે તેનાથી દૂર જ રહે છે. વળી, અન્ન, ધન અને આબરૂ ઉપરાંત વહેવાર જુગારીને ગુમાવવા પડે છે.

અભેસંગની આ વાતચિત્તથી પ્રેરાઇને સામતે કહ્યું, 'બાપુ ! પાંડવોને કૌરવો એ જૂગટું રમવા આમંત્રણ આપ્યું, શું યુધિષ્ઠિર ના ન પાડી શકે ? માની લીધું કે રાજા મહારાજાઓમાં આ રીત હશે, પણ બધું હારી જવું ત્યાં સુધી રમવું શું ફરજિયાત હતું ? ને તે પણ પોતાની પત્નીને દાવ પર લગાડવી ત્યાં સુધી જુગાર ખેલવો, આમ પણ હારી ગયા. અને દ્રૌપદીને દાવ પર લગાડીને પણ હારી જવું પડ્યું. શું એક સત્યવાદી માટે તે શોભાપ્રદ હતું ?'

એકી શ્વાસે સામતે પૂછેલા પ્રશ્નો અભેસંગને ચોટદાર લાગ્યા. 'મને તો લાગે છે કે યુધિષ્ઠિર દ્રૌપદીને હાર્યાથી પહેલા હાર કબૂલી લીધી હોત તો આ મહાભારતનું યુદ્ધ થતાં જરૂર અટકી ગયું હોત !' સામતનો વેધક પ્રશ્ન હતો.

અભેસંગે પચાણભાઇને પૂછ્યું: 'શું વિચારો છો ?'

પચાણભાઇએ કહ્યું કે, 'આ વાતથી આપણને શીખ મળે છે કે જુગાર તો રમાય જ નહીં. કારણ કે એમાં રમનારાના વાંકે કુટુંબ-પરિવારને પણ ભોગ બનવું પડે છે. યુધિષ્ઠિર શા માટે ના ન પાડી શક્યા એ સતયુગની વાત હતી. મારી સમજમાં એટલું જ આવે છે કે માનવીએ જુગાર રમવો જોઇએ નહીં, જે રમે છે તે પોતાની પત્નીને અને પરિવારને વેંચે છે.'

અભેસંગે કહ્યું, 'આનંદ લેવા માટે તો અન્ય પ્રકારો ક્યાં નથી ? કૌટુંબિક જીવનના સુખદુઃખ સિવાય માનવીને વીંટી વળેલ સમસ્ત જીવન વ્યવહાર, જીવન વ્યવસાય, ધાર્મિક વિધિવિધાન, ઉત્સવ, તહેવારો વ્રતો, આ બધા માનવીને આનંદ લેવા માટે જ પૂર્વજોએ વ્યવસ્થા કરી છે. જે સમાજમાં માનવી જીવે છે એના સુખદુઃખથી પણ લોકો અલિપ્ત નથી રહી શક્તા. એમાંથી સર્જાતી નાની મોટી ફૂલગૂંથણી પિરૂલીઓના રસે રસાતી રહે છે અને માનવ જીવનના વિકાસનો આખો ઇતિહાસ આ લોકસાહિત્યમાં સંકળાતો આવે છે. લોકજીવનની પ્રત્યેક ગતિવિધિ લોકસાહિત્યમાં પ્રતિબિમ્બિત થયા કરે છે.'

રાત જામતી જતી હતી. ચંદ્ર પણ શિવજીના ભાલમાંથી છટકી આકાશમાં છૂટથી વિચરી રહ્યો હતો. તો ક્યારેક પકડાઇ જવાની બીકે વાદળામાં સંતાઈ જતો હોય તેવું ભાસતું હતું. ફકુ આરતી લઇ આવ્યો. બધાએ આશકા લીધી અને જય ભીમનાથના નારા સાથે સહુ ઘેર જવા ઊઠયા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

કવિના પુસ્તક 'લિયાર' માંથી

'તેજ' ઘડે ઘડેને
ઉધડે ત વિધાં;
હાણે સૂઇયું ખયાં
સે સિભીંધા કેં ?

## કચ્છી ચોવક - ૩૨

અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



### કત્યો મિડે કપા થી વ્યો".

અજ ડાડાજી ગામમેં વ્યા હૂવા. ગામમેં મીં ગ઼ચ વઠો તેં સેં ગામમેં કઈક જિયાન થ્યો સે ન્યારેલા ડાડાજી વ્યા હૂવા.
ન્યારે ને ઘરેં આયા તડેં ગામજો જિયાન ડિસે ને ઇનીજે ધિલમેં ગ઼ચ ધોંખો થ્યો તે.
પુતરા ઘરેં આયા ને ડાડાજી કે ચ્યોં ડાડાજી અજ ગામમેં ગાલીયું થીયું તે,
"કત્યો મિડે કપા થી વ્યો" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં હી કચ્છી ચૉવક આય.
ડિસો અજ ગામમેં મીં વઠો તેં સેં કઈક ગામાઈયેં જો જિયાન થ્યો. કુંભારેં જે આખાડે મેં જુકો માલ હૂવો સે મિટી થી વ્યો કઈકેં જે ખેતરેં મેં ઉભા મોલ સડે વ્યા. ઘણેંજે ઘરેં મેં પાણી આયા ઇતરે ઇ ૫ વડો જિયાન થ્યો ઇતરે જુકો ભનલ વે ને ઊ ધૂડ ધાણી થી વિઞે તેં કે ચોવાજે "કત્યો મિડે કપા થી વ્યો"
ડાડાજી પુતરેં કે ચૉવક જો અરથ સરચાંયોં ઇતરે પુતરા ચ્યોં અજ ઇન ચૉવક જો ભેડ અસીં સમજ્યાસીં.

## અજ જી ચોવક - ૩૪

### નોં જો પાણી ઉતર્યો ત ચડે ન

**(નેંવેથી ઉતરેલ પાણી ફરી ન ચઢે)**

:: ભાવાર્થ ::

એકવાર માણસની અપકીર્તિ થાય પછી એની કોઇ કિંમત નહીં.)

:: શબ્દાર્થ ::

નોં જો પાણી - આબરૂ, સ્વમાન

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક - ૩૪
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

‘વીણેલાં ફૂલની ફોરમ’ ના લેખક એટલે કે ‘હરિશ્ચંદ્ર’ એટલે કે બે સ્ત્રીઓ - ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

‘વીણેલાં ફૂલની ફોરમ’

લેખક-હરિશ્ચંદ્ર

# ઝટ કરો, કામમાં વિલંબ થાય છે !

(શશિપ્રભા શાસ્ત્રીની હિંદી વાર્તાને આધારે)

‘લાઈબ્રેરીનું મકાન નવું બન્યું છે, છતાં ચૂતું રહે છે. દર વરસે કબાટોને અહીંથી તહીં ખસેડવાં પડે છે. ક્યાંક ક્યાંક ઊધઇ લાગવા માંડી છે. લાખેક રૂપિયાનાં પુસ્તકો બરબાદ થઇ જશે.’ લાઈબ્રેરિયન જયાબહેન, આચાર્યાને કહી રહ્યાં હતાં.

ત્યાં સંગીત વિભાગનાં કામિનીબહેન આવ્યાં: ‘કૃપા કરી તમે બે મિનિટ મારા વર્ગમાં જોવા આવો !’

‘હા....હા.... જોયા વગર જ હું કલ્પી શકું છું.’

‘ના, દીદી ! તમે એક વાર નજરે જ જુઓ ! ભીંત પડું-પડું થઇ રહી છે. સંગીતનાં સાધનોને કાટ લાગવા માંડ્યો છે. વિદ્યાર્થિનીઓને ક્યાં બેસાડવી એ સવાલ છે !’

કામિનીબહેનના સમાધાન ખાતર આચાર્યાને ઊઠીને જવું પડ્યું. બાકી, એમને ક્યાં ખબર નહોતી ? વિગતવાર બધી નોંધ તૈયાર તરીને મંત્રી મહોદયને લખેલું: ‘તત્કાળ રિપેરકામની જરૂર છે.’

પરંતુ કુંભકર્ણની રાત છ મહિનાની, તેમ મંત્રી મહોદયનું તત્કાળ એક વરસનું થયું. વરસે તો તેના પર ધ્યાન અપાયું. પછી આ વિગત મંગાઇ ને તે વિગત મંગાઇ. તમે આ રીપોર્ટ નથી મોકલ્યો અને તે નથી મોકલ્યું. એમ કરતાં કરતાં હજી ચાર દિવસ પહેલાં જ છેલ્લો પત્ર આવ્યો છે: ‘આ બાબત ભવન સમિતિના અધ્યક્ષ સમક્ષ મૂકો !’

અધ્યક્ષનો સંપર્ક સાધવા બે દિવસથી આચાર્યા આકાશ-પાતાળ એક કરી રહ્યાં છે, પણ સંપર્ક થઇ શક્યો નથી. હમણાં જ હેડક્લાર્કે ખબર આપ્યા કે અધ્યક્ષ દિલ્હી જઇ રહ્યા છે, ચાર દિવસ પછી આવશે.’

બે દિવસ ભારે વરસાદ રહ્યો. એક પછી એક વર્ગમાંથી ફરિયાદ આવતી રહી. વર્ગોમાં ઠેર ઠેર ખાબોચિયાં ભરાયાં. વિદ્યાર્થિનીઓને ક્યાં બેસાડવી, તે સવાલ થઈ પડ્યો. એક દિવસ તો કોલેજ બંધ રાખવી પડી.

વરસાદ બંધ થયો અને સખત ઘામ નીકળ્યો. બેહદ ગરમીથી સહુ ત્રાહી ત્રાહી પોકારી ગયાં. તેમાં પાછા ઘણા વર્ગોમાં પંખા બગડેલા તે ચાલે નહીં. પંખા માટેયે ઉપર લખ્યું છે, પણ કોઈ જવાબ નથી.

કલાર્કે કહ્યું, ‘બગડેલા પંખા ભેળા કર્યા છે. તેમાંના કેટલાક કદાચ સમા કરાવી શકાશે. તે માટે અનુમતિની જરૂર નથી. ખર્ચ અમુક હદથી વધશે તો આપણે ભોગવવો પડશે.’ સાહસ કરીને છેવટે આચાર્યાએ પંખા રીપેર કરવા આપી દીધા.

બે દિવસ પછી આચાર્યાને ઘરે ફોન આવ્યો,: ‘અધ્યક્ષ સવારે આઠ વાગે કોલેજ પર આવે છે.’ આચાર્યા ઝટ ઝટ કોલેજ પહોંચ્યાં. બે કલાકની પ્રતિક્ષા બાદ સંદેશો મળ્યો કે ‘આજે નહીં આવી શકે.’

છેવટે જ્યારે આવ્યા ત્યારે એમણે સલાહ આપી: ‘છત પર લીલ કેટલી બાઝી ગઇ છે ! તેને લીધે પાણી ચૂએ છે. તેની સફાઇ કરાવી નાખો, પ્રશ્ન ઊકલી જશે.’

સફાઈ કરાવી નાખી, પણ પ્રશ્ન ઊકલ્યો નહીં. બીજા પંદર દિવસ બાદ છેવટે અધ્યક્ષની ભલામણ સાથે રિપેરકામ માટે પરવાનગી માંગી. વળી બે-ત્રણ વાર પૂછતાછ થઇ. એક એક માહિતી મોકલાતી રહી. પણ ઍકશન કશું નહીં.

તંગ આવી ગયેલ આચાર્યાએ મંત્રી મહોદયનો સીધો સંપર્ક સાધી ફોન ઉપર પોતાનો આક્રોશ ઠાલવવા માંડ્યો. ત્યાં સામેનો અવાજ ઊંચો થઈ ગયો: ‘મારી પાસે કોઇ જાદુઇ ચિરાગ નથી...થશે...બધું મારા ધ્યાનમાં છે.’ અને રીસિવર મુકાઈ ગયું. આચાર્યાના હાથમાં રીસિવર કટી પતંગની માફક ઝૂલતું રહ્યું.

ત્યાર પછીના મંત્રી મહોદયના બધા વહેવારમાં ખાસ્સી કરડાકી આવતી ગઈ

‘તમે વધારાના ફર્નિચરની, બેન્ચોની વગેરે માગણી મૂકી છે. પણ નવું સત્ર તો ક્યારનુંયે શરૂ થઇ ગયું. આવી વસ્તુ તો વહેલાસર મેળવી લેવી જોઇએ ને ! ગયા સત્રના અંતે તમે માગણી મૂકી દીધી એટલે પતી ગયું ? ફરી ક્યારેય તમે યાદ કરાવ્યું ?’

‘તમે મોકલેલ એસ્ટીમેટ તો ત્રણ વરસ જૂનો થઇ ગયો. આજે એટલા ખરચે આ કામ થશે ? તો પછી રિમાઈન્ડર સાથે નવો એસ્ટીમેટ કેમ ના મોકલ્યો ? આટલી બુદ્ધિ તો તમારે વાપરવી જોઇતી હતી ને !’

‘આખાયે ડેડ-સ્ટોકની યાદી મોકલો. ક્યારે ખરીધું ? આજે શી હાલતમાં છે ? રિપેર કરાવવું હોય તો કેટલો ખર્ચ થાય ? નવું ખરીદીએ તો કેટલામાં પડે ?’

‘તમારા કાર્યાલયના કામની ગતિ અત્યંત ધીમી છે. અહીંથી મંગાવાતી માહિતી તુરત મળતી નથી. આથી કામો અટવાય છે.’

તે દિવસ કાર્યાલયનો આખો સ્ટાફ મોડી રાત સુધી બેઠો. કાગળિયાં તૈયાર કરતો રહ્યો. આચાર્યા મંત્રી મહોદયની તાકીદ યાદ કરાવતાં રહ્યાં. તેવામાં મોટો ધડાકો થયો. બધાં દોડ્યાં. સંગીત કક્ષનું ધાબું અને બહારની બાજુની ભીંત તૂટી પડી હતી.

આચાર્યાએ મનોમન ભગવાનનો પાડ માન્યો કે, ‘આ દિવસે ન થયું, નહીં તો ?....’ અને એમણે હેડકલાર્કને કહ્યું, ‘ઝટ કરો ! મંત્રી મહોદયને તારથી ખબર આપો ! એમની ફરિયાદ છે કે આપણા તરફથી માહિતી મોડી મળે છે, તેથી કામમાં વિલંબ થાય છે !’

## થોડીક વાતો સંસ્કારની...

ગામના એક કુવા પર ૩ મહિલાઓ પાણી ભરવા માટે ઉભી હતી અને તેમના ત્રણેયના દિકરાઓ સામેના મેદાનમા રમતા હતા.

ત્યારે એક મહિલાનો દીકરો રમતા રમતા તેની મા પાસે આવ્યો અને બોલ્યો,'Bye Mom ! I am going home.' ત્યારે એની મા બોલી કે, ‘જુઓ ! આ મારો દીકરો છે અને તે અંગ્રેજી મિડિયમમાં ભણે છે.’

થોડીવારમાં બીજી મહિલાનો દિકરો પણ ત્યાં પોતાની મા પાસે આવ્યો અને 'Bye Mom...' કહીને ઘરે જતો રહ્યો. તે મહીલા બોલી કે, ‘જુઓ મારો દીકરો CBSE માં ભણે છે.’

ત્યાં ત્રીજી મહિલાનો દિકરો ઘરે જવા માટે તેમની મા પાસે આવ્યો, આગળના બન્ને છોકરાઓની જેમ તેણે પણ પોતાની મા સામે જોયું અને તેની મા પાસેથી પાણીનું માટલું લઈ ખભે મુકયું અને બીજા હાથમાં પાણીની ડોલ પકડીને કહ્યું કે, ‘ચાલ મા, હવે આપણે બન્ને ઘરે જઈએ.’ ત્યારે દિકરાની મા બોલી કે, ‘જુઓ આ મારો દીકરો છે અને તે ‘ગુજરાતી’ મિડિયમમાં ભણે છે.’

રૂપિયા ખર્ચી સંસ્કાર ખરીદી શકાતા નથી. ભણતર જેટલું જરૂરી તેટલા જ જરૂરી ગણતર અને સંસ્કાર છે.

એક દાદા તેના દસ વર્ષના પૌત્રને લઈને મંદિરમાં ગયા.

પોતે ભગવાની પૂજા અર્ચના કરતા હતા ત્યાં જોયું કે પ્રૌત્ર મંદિરાં ગર્ભગૃહની સામે ઊભો રહીને હાથ જોડીને કંઈક બોલી રહ્યો હતો.

તેઓ ચૂપચાપ તેની બરોબર પાછળ ઊભા રહીને પૌત્રની વાત સાંભળવા લાગ્યા.

પૌત્ર બોલી રહ્યો હતો: ‘હે ! ઈશ્વર તમને નમસ્કાર !

હે, ભગવાન ! તમે મારા દાદાને સ્વસ્થ રાખો અને દાદીમાના ઘુંટણના દુ:ખાવાને મટાડો, કારણ કે જો દાદા-દાદીને કંઈ થશે તો મને ચોકલેટ કોણ આપશે...!!!

હે, ભગવાન ! તમે મારા બધા મિત્રોને સારા રાખજો, નહિતર મારી સાથે રમશે કોણ... !!!

હે, ભગવાન ! તમે મારા પિતા-માતાનું પણ ધ્યાન રાખજો, કારણ કે તેમના વગર મારું ધ્યાન રાખશે કોણ... !!!

તમે મારા ઘરના કૂતરાને પણ સારી રીતે રાખજો, કારણ કે જો તેને કંઈક થશે તો પછી અમારા ઘરને ચોરોથી કોણ બચાવશે...!!!

હે ભગવાન, જો તમને વાંધો ન હોય તો મારે એક વાત કહેવી છે કે તમે બધાનું ધ્યાન રાખજો, પણ તે પહેલા તમે તમારું ખાસ ધ્યાન રાખજો, કારણ કે જો તમને કંઈ થઈ જશે તો પછી અમારા બધાનું શું... !!’

આ સાદી અને સરળ પ્રાર્થના સાંભળીને દાદાની આંખમાં પણ આંસુ આવી ગયા, કારણ કે એમણે ક્યારેય એવી પ્રાર્થના કરી જ નહોતી કે સાંભળી પણ નહોતી.

જો ઘરના સંસ્કાર સારા હોય, વાતાવરણ સારું હોય તો બાળકોમાં સુસંસ્કારના અંકુર ફૂટે છે તે જ સનાતન સત્ય છે.